JAIN KRANTI

# જૈન ક્રાંતિ

Vol. 17 | Issue 1 | Mumbai | May - 2026| Price Rs. 5/- | Pages : 28




# Responsibility

## એટલે
## યોગ્ય સમયે યોગ્ય નિર્ણય!



# RESPONSIBILITY

- પરમ ગુરુદેવ

## Responsibility એટલે જવાબદારી, કર્તવ્ય, duty, ફરજ આદિ.

દરેક વ્યક્તિની પોતાના સ્થાન અને પોતાના પદ પ્રમાણેની પોતાની Responsibility હોય અને તે Responsibilityને તેણે વફાદારીપૂર્વક નિભાવવી જોઈએ.

ક્યાંક હોય છે, **My responsibility** અને

ક્યાંક હોય છે, **I am responsible !**

ક્યાંક મારી જવાબદારી હોય છે અને ક્યાંક હું સ્વયં જવાબદાર હોઉં છું.

**Responsible વ્યક્તિ કેવી હોવી જોઈએ ?**

Responsible વ્યક્તિ જ્ઞાની, સક્ષમ અને સમર્થ હોવી જોઈએ.

Responsible વ્યક્તિ તટસ્થ, અડગ અને અવિચલ હોવી જોઈએ.

Responsible વ્યક્તિ વિનયી, વિશ્વાસુ અને વ્યવહાર કુશળ હોવી જોઈએ.

**Responsible વ્યક્તિએ એની responsibilities નિભાવવા શું કરવું જોઈએ ?**

Responsible વ્યક્તિએ એની responsibilities નિભાવવા સતત અને સખત મહેનત અને જહેમત કરવી જોઈએ, એમણે જોખમ લેવું પડે અને સહન કરવું પડે. એમણે બધાંને એક સાથે જોડી રાખવાનો પુરુષાર્થ કરવો પડે અને સમય, શ્રમ, શક્તિ, સૂઝનો ભોગ આપવો પડે !

જે સામાન્ય માનવી પોતાની responsibilityને નિષ્ઠાપૂર્વક નિભાવે છે, તેને ભવિષ્યમાં શ્રેષ્ઠ પદની પ્રાપ્તિ થાય છે.

**માટે જ આપણી અનેક પ્રકારની responsibilitiesને જાણવા, સમજવા અને નિષ્ઠાપૂર્વક નિભાવવા વાંચો જૈનક્રાંતિનો આ અંક !**

JAIN KRANTI
# જૈન ક્રાંતિ
5th May 2026, YEAR: 25, ISSUE - 302
PAGES : 24 + 4 • RETAIL PRICE : ₹ 5

# મારી મુંઝવણ !

## શું કરું ?

**મને પોતાને જ સમજાતું નથી કે,**
**ક્યાં મારી responsibility છે અને ક્યાં હું responsible છું ?**

**બસ ! આટલી જ મુંઝવણ છે ? મુંઝાશો નહીં !**
**એક જ subject પર મહિનાઓ સુધી વિશ્લેષણ કરી શકનાર**
**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે અનંત કરુણા કરી,**
**આ મુંઝવણનું સમ્યક્ સમાધાન પ્રદાન કર્યું છે, જૈન-ક્રાંતિના આ અંકમાં !**




: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
connect@parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

**: SUBSCRIPTION :**

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

આપશ્રીને ‘જૈન ક્રાંતિ’ને અનુદાન આપવું હોય તો
સંપર્ક : **+91-9324808181**

**TO KNOW MORE ABOUT**
**PUJYA GURUDEV**
**CONTACT ON: +91-9860905678**



# I am Responsible

# મારા આત્માની શુદ્ધિ માટે!

- પરમ ગુરુદેવ

જીવનની આ યાત્રામાં દરેક વ્યક્તિ કોઈને કોઈ પદ ઉપર હોય છે અને એ પદ અનુસાર એનો વ્યવહાર હોય છે. કોઈ motherના પદ પર હશે તો કોઈ fatherના પદ પર હશે. કોઈ son, કોઈ daughter, કોઈ boss, કોઈ servant, કોઈ owner તો કોઈ watchman! બધાં પોતાના પદ અનુસાર થોડી-ઘણી પોતાની responsibilities નિભાવતા હશે.

સવાર થાય અને બધાંને પોતાની responsibity યાદ આવી જાય... હું mother છું, મારે kitchenમાં જઈને બધાં માટે breakfast, tiffin ready કરવાના છે. હું boss છું, મારે આજે આ clientને મળવાનું છે, આ deal final કરવાની છે. હું બાળક છું, મારે school જવાનું છે, school bag ready કરવાની છે, uniform iron કરવાનો છે અને બધાં પોત-પોતાના workમાં busy થઈ જાય છે, પણ કોઈને યાદ નથી આવતું કે, **'હું આત્મા છું' અને I am responsible for my soul!** મારા આત્માની care કરવી એ મારી responsibility છે.

જગતની મોટા ભાગની વ્યક્તિઓ પોતાના soul માટે irresponsible હોય છે. કેમ કે, સંસારની પ્રવૃત્તિઓમાં એવા mix થઈ જાય છે કે, permanent એવા આત્માને ભૂલી જાય છે. ભૂલી જાય છે કે, આ દુર્લભ અને અમૂલ્ય માનવભવ આત્માને જાણવા માટે, આત્માની care કરવા માટે અને આત્મ કલ્યાણના માર્ગ પર આગળ પ્રગતિ કરવા માટે મળ્યો છે.

> **આત્મા યાદ જ ન હોય એટલે આત્મહિતનો કે આત્મા પ્રત્યેની responsibilities નો વિચાર ન આવે, એનું કોઈ planning ન થાય કે ન કોઇ પુરુષાર્થ થાય.**

અનાદિકાળની આ ભવભ્રમણની યાત્રામાં અનેકવાર પરમાત્મા અને ગુરુનો યોગ થયો હોવા છતાં આજ સુધી સંસારમાં પરિભ્રમણ ચાલુ છે, એના માટે responsible કોણ છે ?

તમે કહેશો... **I am Responsible!**

સવાર થાય અને સંસારની રિદ્ધિ અને પ્રસિદ્ધિના વિચાર આવે પણ આત્માની શુદ્ધિનો વિચાર ન આવે. મારે મારા આત્માને શુદ્ધ કરવો છે, આત્માની શુદ્ધિ માટે મારે સાધના કરવી છે, કર્મની નિર્જરા કરાવતી તપસ્યા કરવી છે, મારે મારા ભાવોને વિશુદ્ધ કરવા છે, એ માટે આજનું, આ weekનું, આ monthનું planning કરવું છે... એવો પુરુષાર્થ કરવાનું મન ન થાય.

મારી મારા આત્મા માટે આ responsibility છે, એવો વિચાર

પણ ભાગ્યે જ કોઈને આવતો હશે.

માનો કે, તમે એકદમ fine, costly અને new dress પહેરીને બહાર જઈ રહ્યાં છો અને on the way થોડો રસ્તો કાદવ-કીચડવાળો છે, તમે શું કરશો ? એ જ રસ્તે જશો કે પાછા વળી બીજા રસ્તે જશો, કેમ ? કેમ કે, તમને તમારા dressની ચિંતા છે, એ બગડી જશે તો ? ના... ના... મારો dress નવો છે, એ બગડવો ન જોઈએ.

પણ જ્યારે તમે કોઈના પર ક્રોધ કરો છો, કોઈની સાથે રાગ-દ્વેષ કરો છો, કોઈના માટે jealous થાવ છો, ક્યાંક અસત્ય બોલો છો, ક્યાંક cheating કરો છો, ત્યારે શું, તમને ચિંતા થાય છે કે, મારા આ શાશ્વત આત્માનું અહિત થાય છે ? મારો આત્મા કર્મોના કાદવથી અશુદ્ધ થાય છે ? ના !

આજે તમારામાં જે કાંઈ નાના-મોટા અવગુણ છે, તમારો જે પ્રકારનો nature છે, એના માટે responsible કોણ છે ? તમારે કહેવું પડશે, **I am Responsible !**

## શું તમને લાગે છે કે, તમે તમારા soul પ્રત્યેની responsibilitiesને નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યાં છો ?

જેમને આત્મહિતની ચિંતા હોય, એ જ પોતાના soul પ્રત્યેની responsibilities માટે alert હોય, પુરુષાર્થશીલ હોય અને એને નિષ્ઠાપૂર્વક નિભાવતા હોય.

તમને પૂછવામાં આવે કે, તમારી તમારા આત્મા માટેની responsibility શું હોય ?

મોટાભાગની વ્યક્તિને ખબર નહીં હોય અને જેમને ખબર હશે કે આત્મશુદ્ધિ એ મારી responsibility છે, એમને વિચાર પણ નહીં આવ્યો હોય કે મારે મારા આત્માની શુદ્ધિ કરવા શું કરવું જોઈએ ?

આત્મશુદ્ધિ માટે તમારે તમારા દરેક કાર્ય અને દરેક પ્રવૃત્તિઓ કરતા પહેલા check કરવુ જોઈએ કે, આનાથી મારા આત્માનું હિત થશે કે અહિત ? આ પ્રવૃતિથી મારા કર્મો ઘટશે કે વધશે ? આ મારા માટે પાપકાર્ય છે કે પુણ્યકાર્ય ?

## શું તમારી પાસે તમારો after deathનો કોઈ plan છે ?


શું તમે next birthમાં મનુષ્યમાંથી મનુષ્ય બનશો કે upgrade થઈ દેવ બનશો કે પછી reject થઈ તિર્યંચ ગતિમાં જશો ? તમારી પાસે છે કોઈ answer ? નથી ! તે માટે responsible કોણ છે, તમારે કહેવું પડશે, **I am Responsible !**

જે પોતાના soul માટે responsible હોય , એ પળ-પળ જાગૃત હોય, એ પળ-પળ સાવધાન હોય, એ પળ-પળ કર્મની નિર્જરા કરતા હોય, પળ-પળ પાપને ઘટાડતા હોય, એ પોતાની દરેક પ્રવૃત્તિને ક્યાંક ને ક્યાંક સાધના બનાવી દેતા હોય, એના માટે સુખ નહીં પણ શુદ્ધિ first priority હોય.

જે પોતાના soul પ્રત્યેની responsibilities માટે કર્તવ્યનિષ્ઠ હોય, તે હંમેશા positive હોય, તે ક્યારેય કોઈના પર blame ન કરે. તે પ્રતિકૂળતામાં પણ પ્રસન્ન હોય કેમ કે, એનું લક્ષ્ય જ હોય આત્માની શુદ્ધિ, જ્યાં પણ feel થાય કે, મારો આત્મા અશુદ્ધ થાય છે, તે તરતજ સાવધાન થઈ જાય.

માનો કે, તમે નવી BMW કે Mercedes car લીધી હોય, તો તે drive કરતી વખતે તમે કેટલાં alert હો, એટલા જ alert જો તમે તમારી lifeની car drive કરતી વખતે, મનની car drive કરતી વખતે રહો તો પળ-પળ આત્માની પણ care કરી શકો.

જે વ્યક્તિ responsible ન હોય તે accept થાય કે reject થાય ? જે વ્યક્તિ પોતાના soul માટે responsible ન હોય તે સદ્‌ગતિ માટે select થાય કે reject થાય ? તમારી સદ્‌ગતિ માટે તમે select થશો કે reject ? તમારા selection અને rejection માટે responsible કોણ હોય ? તમારે કહેવું પડશે... **I am Responsible !**





# I am Responsible

## મારી **Self** માટે!

- પરમ ગુરુદેવ

સંસારના આ નાટ્ય મંચ પર દરેક વ્યક્તિ અલગ-અલગ roleમાં હોય છે. એક વ્યક્તિ કોઈનો દીકરો હોય તો કોઈના પિતા હોય, કોઈના ભાઈ હોય, અને officeમાં manager હોય. ધર્મસ્થાનકમાં શ્રાવક હોય તો કોઈ સામાજિક સંસ્થામાં ટ્રસ્ટી હોય. દરેક સ્થાન પર વ્યક્તિની એનાં પદ અનુસાર responsibility હોય, એનું કર્તવ્ય હોય, જે એને નિષ્ઠાપૂર્વક નિભાવવાનું હોય, જેને કહેવાય છે, self-responsibility!

જો તમે father છો અને તમે એક father તરીકેનું કર્તવ્ય વફાદારીપૂર્વક નથી નિભાવતા તો તેના માટે responsible કોણ? તમારે કહેવું પડશે, **I am responsible!**

જો તમે શિષ્ય છો અને તમે ગુરુનાં સાંનિધ્યમાં એમના દર્શન કરવા જાવ છો, ત્યારે તમે 5 અભિગમનું પાલન નથી કરતા અને જાણતા-અજાણતા ગુરુની અશાતના થઈ જાય, ત્યારે તે અશાતના માટે responsible કોણ કહેવાય ?

તમારે કહેવું પડશે, **I am responsible!**

> **જે પોતાની self માટે responsible હોય,**
> **તે પોતાની જવાબદારી ક્યારેય ચૂકે નહીં.**

એકવાર આંખો બંધ કરીને ચિંતન કરશો તો સમજાશે,

| | | |
|---|---|---|
| મારા કર્મો માટે, મારા સુખ-દુઃખ માટે ! | મારા માન-અપમાન માટે ! | મારા પરિવાર અને સ્વજનો-મિત્રો માટે ! |
| મારા આવકાર અને જાકાર માટે ! | **I Am Responsible** | મારા દેવ, ગુરુ અને ધર્મ માટે ! |
| મારી health અને wealth માટે ! | મારા આ મનુષ્ય ભવ માટે ! | મારા nature અને behaviour માટે ! |

List બનાવશો તો બહુ લાંબુ બનશે.

કોને એમ લાગે છે કે, હું મારી responsibilities સમજ સાથે, નિષ્ઠાપૂર્વક નિભાવું છું ?

મોટા ભાગની વ્યક્તિઓ પોતાની responsibility બીજા ઉપર નાંખી દેતા હોય છે. પરિવારમાં કાંઈ હશે તો તરત જ કહેશે એ મોટા છે, એ કરી લેશે, એ એમની જવાબદારી છે. ના ! પરિવાર હોય કે સંસ્થા હોય, સંઘ હોય કે સમાજ હોય દરેકની પોતાની responsibility હોવી જોઈએ, દરેકે પોતાનું કર્તવ્ય નિભાવવું જોઈએ.

જે વ્યક્તિ પોતાની responsibility નથી નિભાવતી તે દરેક જગ્યાએ reject થતી હોય છે.

આ બહુ મોટી સમજવા જેવી વાત છે.

તમે જ્યાં છો, જે સ્થાન પર છો, જે પદ પર છો, તમને તમારી responsibilities ખબર હોવી જ જોઈએ અને એને પોતાની જવાબદારી, પોતાનું કર્તવ્ય સમજી વફાદારીપૂર્વક નિભાવવી જોઈએ.

મોટા ભાગે વ્યક્તિ પોતાની responsibilitiesને ભૂલી જતાં હોય છે અને જે પોતાના કર્તવ્ય ભૂલી જાય છે, તે દરેક સ્થાનમાં reject થતાં હોય છે.

## તમે self responsible નથી !

એક watchman ને ઊંઘ આવી જાય છે અને ભરનિદ્રામાં તે એક સ્વપ્ન જુએ છે.

સ્વપ્નમાં તે જુએ છે કે, તેના શેઠ flightમાં જઈ રહ્યાં છે અને flight crash થઈ જાય છે. તે એકદમ ઊંઘમાંથી ઊઠીને શેઠ પાસે જાય છે. વહેલી સવારનો સમય હોય છે અને શેઠ flight પકડવા last minuteની preparation કરતાં હોય છે, ત્યાં જ bell વાગે છે. શેઠ door ખોલે છે અને સામે watchman હોય છે.

Watchman : શેઠ, હું આપને આ flightમાં નહીં જવા દઉં.

આપ અત્યારે નહીં જાવ, બપોરની flightમાં જજો!

શેઠ: પણ શા માટે? મારી અત્યારની ticket છે અને બપોરે તો મારે contract sign કરવાનો છું.

હું અત્યારે જ જઈશ. તું શા માટે મને 'ના' પાડે છે?

Watchman: શેઠ મેં વહેલી સવારે આપની flight crash થઈ ગઇ એવું સ્વપ્ન જોયું છે. શેઠ! મારા સ્વપ્ન સાચા પડતાં હોય છે.

શેઠ: એવું કાંઈ ન હોય... મને જવા દે... મારી flightનો time થઈ ગયો છે. Flight miss થઈ જશે!

શેઠની સુરક્ષા માટે watchman બહારથી door બંધ કરી દે છે. શેઠ અંદરથી બૂમ મારે છે, પણ watchman door ખોલતા નથી.

થોડીવાર પછી સમાચાર આવે છે કે, આ નંબરની આ flight crash થઈ ગઈ છે.

Watchman દોડતાં દોડતાં આવે છે અને gate ખોલીને શેઠને કહે છે, જોયુ મારુ સ્વપ્ન સાચું પડયુ ને! તમે બચી ગયાને! શેઠ પણ ખુશ થાય છે કે, તેઓ બચી ગયાં . તેઓ roomમાં જાય છે અને પાંચ લાખ રૂપિયા, વસ્ત્રો આદિ gifts લાવીને watchmanને આપે છે. Watchman ખુશ થઈને જવા જાય છે, ત્યાં શેઠ કહે છે, ઊભા રહો! હું આજથી તમને તમારી jobમાંથી free કરું છું!

Watchman : શેઠ, મેં તમારો જીવ બચાવ્યો અને તમે મને નોકરીમાંથી છૂટો કરો છો? કેમ શેઠ, કેમ?

શેઠ : કેમ કે, તમે તમારી duty માટે responsible નથી!

તમે night watchman છો, તમે તમારી dutyના સમયે સૂઈ કેમ શકો? તમે dutyના સમયે સૂઈ ગયા એટલે તમને સ્વપ્ન આવ્યુ ને!!

Watchmanની job જતી રહી. Responsible કોણ?

Watchmanએ કહેવું પડશે... **I am responsible!**

Lifeમાં જ્યારે પણ તમે reject થાવ, કોઈ તમારા પ્રત્યે negative થાય, કોઈ તમને dismiss કરે, ત્યારે તરત જ તમારી અંદર bell વાગવી જોઈએ, 'Yes, **I am responsible!**'

**મેં જ ક્યાંક મારી responsibility નિભાવવામાં ભૂલ કરી છે, માટે મારા rejection માટે... I am responsible!**



# I am Responsible

## મારી કરુણાની કતલ માટે!

- પરમ ગુરુદેવ

આ સંસારમાં મળતાં દરેક સંયોગો pastનું reflection હોય છે. જે પ્રકારનો past હોય, એ જ પ્રકારે આપણું present હોય. Pastમાં સદ્ગુણોને સંસ્કાર બનાવ્યાં હોય તો એ સંસ્કાર અત્યારે જાગૃત થઈ જાય.

થોડા દિવસ પહેલા newspaperમાં એક photo સાથે લખાણ આવ્યુ હતુ કે, એક lady એ બિલાડી જેવા બાળકને જન્મ આપ્યો. એક reporterને curiosity થઈ અને તે ladyનો interview લેવા ગયાં.

Reporter : તમારું સંતાન આવું કેમ જન્મ્યું છે ?

Lady : મારા બાળકના આવા બિલાડી જેવા દેખાવવાળા શરીર માટે, I am responsible !

Reporter : (આશ્ચર્ય સાથે) તમે... તમે responsible છો, એ કેવી રીતે ? કાંઈ સમજાયુ નહીં...

Lady : હું જ્યારે pregnant હતી, ત્યારે મેં ક્યાંક વાંચ્યું હતું કે, જંગલી બિલાડી ખાવામાં ખૂબ જ સ્વાદિષ્ટ હોય અને મને એને ખાવાની તીવ્ર ઈચ્છા થઈ !

Reporter : તો તમે જંગલી બિલાડીને ખાધી ?

Lady : હા... હા ! મેં જંગલમાંથી બિલાડી મંગાવી, એને boil કરી, એમાં મસાલા નાંખી, એને tasty બનાવી અને ખાધી... મને એ બિલાડીનો taste એટલો બધો યાદ રહી ગયો હતો કે મેં બિલાડી ખાધી એકવાર પણ દરરોજ મને એ taste યાદ આવતો, મને બિલાડી દેખાતી અને આનંદ થતો.

તમને આ વાંચતા-વાંચતા પણ કંપારી છૂટી ગઈ હશે ! એ ladyને બિલાડી ખાવાનું મન થાય અને તમને એવો વિચાર પણ ન આવે, કેમ ?

કેમ કે, તમારા આત્મામાં pastનાં સુસંસ્કાર પડેલા છે. તમારામાં દયા, કરુણા, અનુકંપા, જીવદયા, પ્રેમ અને જીવ માત્ર પ્રત્યે વાત્સલ્ય ભાવ છે. અને એ pastના સંસ્કારોના કારણે presentમાં તમે આવા પાપથી બચી શકો છો. પણ futureમાં પણ તમને બિલાડી ખાવાનો વિચાર ન આવે, એ માટે responsible કોણ ?

તમારે કહેવું પડશે... **I am Responsible !**

તમારા આ કરુણાના સંસ્કારને દઢ કરવા શું કરવું જોઈએ ?

તમારા taste ઉપર, સ્વાદ ઉપર control કરવો જોઈએ.

જો આજે તમને કંદમૂળ ખાતી વખતે કંપારી થશે, તો તમને futureમાં બિલાડી ખાવાનું મન નહીં થાય. પણ જો આજે તમને દૂધીનું શાક ખાતા સમયે આનંદ આવતો હશે તો કાલે બિલાડી ખાવાનું મન થઈ શકે છે.

એક સૂત્ર અંતરમાં અંકિત કરી લ્યો...

**'સ્વાદ મારી કરુણાની કતલ કરે છે.'**

સ્વાદ માટેની ઈચ્છા, સ્વાદિષ્ટ ભોજન કરવાની ભાવના, સ્વાદ પ્રત્યે આકર્ષણ અને સ્વાદ પછીની પ્રસન્નતા- આ બધાં તમારા કરુણા ગુણની કતલ કરનારા છે.

ભગવાનની સામે કોઈ સ્વાદિષ્ટ આહારના પદાર્થો મૂકવામાં આવે તો શું એમને એ ગમી જાય ? એનો taste લેવાનું મન થાય ? અને આહાર ગ્રહણ પછી ભગવાન એની પ્રશંસા કરે ? ના ! તો આપણે પણ ભગવાનના વંશ છીએ, તો આપણો અને ભગવાનનો nature સરખો હોવો જોઈએ ?

આહારના પદાર્થ જોઈને જો આંખમાં ચમક આવે, તો એ કરુણાની કતલ છે, નાકમાં જો એની સુગંધ ગમી જાય, તો એ કરુણાની કતલ છે, જીભમાં જો એનો સ્વાદ રહી જાય, તો એ કરુણાની કતલ છે અને ખાધા પછી મુખમાંથી જો શબ્દો નીકળે કે, 'વાહ! શું tasty food હતું!' તો એ પણ કરુણાની કતલ છે.

જેને આજે ભોજનમાં સ્વાદ આવે છે, તેને કાલે બિલાડીમાં પણ સ્વાદ આવી શકે છે, તે lady બિલાડી કેમ ખાઈ શકી ?

સ્વાદ માટે જ ને!

વિચાર કરો, બિલાડીને boil કરી, એમાં મસાલા નાંખી, એને સ્વાદિષ્ટ બનાવી, એને taste લઈને ખાવાવાળી વ્યક્તિની સદ્ગતિ હોય કે દુર્ગતિ ? તમારો સ્વાદ જો તમારી દુર્ગતિનું કારણ બનતું હોય તો એના માટે responsible કોણ ?

તમારે કહેવું પડશે, I am responsible!

આયંબિલની આરાધના કરતી વખતે પણ જો ગરમ ઢોકળું ગમી જાય અને ભાવી જાય તો એ દ્રવ્યથી આયંબિલની આરાધના પણ ભાવથી કરુણાની કતલ છે.

જ્યાં સુધી શરીર છે, ત્યાં સુધી શરીરને ટકાવવા ભોજનની જરૂર છે અને આપણે જે ભોજન લઈએ છીએ, એ ઘઉં, ચોખા, શાક, કઠોળ આદિ પણ કોઈના શરીર જ છે ને! એ શરીરની કતલ કરી, એનો સ્વાદ લેવો એટલે કતલનો સ્વાદ લેવો! કતલનો સ્વાદ લેવો એટલે કરુણાની કતલ કરવી! કેમ કે, એ જીવોની કતલ માટે તમે responsible છો. 'જે કતલમાં responsible હોય, તેની કતલ થાય કે ન થાય ?'

'કતલ' શબ્દ જ કંપારી કરાવે એવો છે.

જ્યારે કસાઈ દ્વારા ગાયની કતલ થતી હોય, ત્યારે ગાય કેવી તરફડતી હોય, એવી જ રીતે તમે જ્યારે ભોજનનો સ્વાદ લ્યો ત્યારે તમારા આત્માના ગુણો કરુણા, દયા, અનુકંપા, તરફડતાં હોય છે.

આત્માના ગુણોના તરફડાટ માટે responsible કોણ ? તમારે કહેવું પડશે, **I am responsible** !

> **ભોજન લેવું એ પરિસ્થિતિ છે પણ ભોજનમાં સ્વાદ લેવો, એ કરુણા ગુણની કતલ છે.**
> **માટે, ભોજન કરતી વખતે ભલે પાંચ વાનગી ભાવતી લ્યો, પણ સાથે એક અણગમતી, ન ભાવતી વાનગી વાપરવી. જેનાથી તમારું ભોજન પ્રત્યેનું attachment ઘટવા લાગશે.**

પોતાની self સાથે આવા પ્રયોગ કરવા, એ પણ એક પ્રકારનો ધર્મ છે.

**'સ્વાદ મારી કરુણાની કતલ કરે છે.'**

આ એક નાનકડું સૂત્ર જો heartને touch થઈ જશે તો ભોજન વખતે યાદ આવી જશે અને સ્વાદ લેવાનો જ્યારે જ્યારે પ્રયત્ન કરશો ત્યારે કાનમાં ગુંજ્યા કરશે.

આ એક સૂત્ર તમારો આ ભવ જ નહીં, futureના લાખો ભવોને સુધારી શકવાની ક્ષમતા ધરાવે છે.





# I am Responsible

## મારા Nature માટે!

- પરમ ગુરુદેવ

આ જગતમાં કેટલીક વ્યક્તિઓ એવી હોય છે, જે જન્મે સામાન્ય અને જીવે અસામાન્ય, કેટલીક વ્યક્તિઓ જન્મે અસામાન્ય અને જીવે અસામાન્ય, કેટલીક વ્યક્તિઓ જન્મે પણ સામાન્ય અને જીવે પણ સામાન્ય !

એક સામાન્ય ચા વેચનાર વ્યક્તિ પોતાની ક્ષમતા, સૂઝ, સમજ, vision, પુરુષાર્થ અને responsibilityથી માનનીય પ્રધાનમંત્રી બની જાય અને એક અસામાન્ય વ્યક્તિ પણ પોતાની responsibility ન સમજવાના કારણે, ન નિભાવવાના કારણે સામાન્ય બની જાય છે.

દરેક વ્યક્તિના success અને failure માટે responsible કોણ હોય ? સ્વયં પોતે જ હોય પણ માનવીની માનસિકતા કેવી હોય કે, successમાં પોતાને responsible ગણે અને failureમાં બીજાને responsible ગણાવે.

તમે ચાહે સંસારના fieldમાં હો ચાહે ધર્મના, તમે ચાહે આર્થિક ક્ષેત્રમાં હો ચાહે આધ્યાત્મિક ક્ષેત્રમાં, તમે ચાહે businessના fieldમાં હો ચાહે job કરતાં હો, તમે ચાહે સાધનાના ક્ષેત્રમાં હો ચાહે સેવામાં જોડાયેલા હો, તમે ચાહે પરિવાર સાથે હો ચાહે સ્વજનો અને મિત્રો સાથે; field કોઈપણ હોય, એમાં success અને failure માટે responsible તો તમે જ હો છો, તમારો nature હોય છે, તમારા પુણ્ય અને તમારો પુરુષાર્થ હોય છે.

જે પોતાની responsibility નથી સમજતાં તેઓ બીજા પર blame કરતાં હોય છે, બીજાની ભૂલોને શોધતાં હોય છે.

**'કેટલીક વ્યક્તિઓ બીજાની ભૂલોને જુએ, અને કેટલીક વ્યક્તિઓ સ્વયંની ભૂલોનું નિરીક્ષણ કરે.'**

કોઈપણ fieldમાં success ક્યારે મળે ?

ભૂલ જોવાથી, ભૂલ બતાવવાથી કે ભૂલ સુધારવાથી ?

કોઈપણ fieldમાં મોટા ભાગે લોકો ભૂલ સુધારવાવાળા કરતાં ભૂલ બતાવવાવાળા વધારે હોય છે.

તમારી selfને check કરો...

તમારો nature કેવો છે ? અન્યની ભૂલોને શોધવાવાળો કે સ્વયંની ભૂલોને સુધારવાવાળો ?

આવા nature માટે responsible કોણ છે,

તમારો જવાબ હશે, **'I am responsible !'**

જેનો nature બીજાની ભૂલોને શોધવાનો હોય, એ સ્વયંની ભૂલને કેવી રીતે શોધી શકે ? સ્વયંની ભૂલ શોધી ન શકે, ઓળખી ન શકે તો સુધારી કેમ શકે ? અને ભૂલ સુધરે નહીં, તો success મળે કેવી રીતે ?

કેમ કે, જે ભૂલ ઓળખાય નહીં, જે ભૂલ સુધરે નહીં, એ ભૂલ વારંવાર repeat થાય !

ઘણાનો nature હોય, બીજાની ભૂલોને શોધે તો ખરાં, પણ પાછા બધાંની વચ્ચે બતાડે !

તમે જ વિચારો, બધાંની વચ્ચે કોઈની ભૂલ બતાડવાથી ભૂલ વધે કે ઘટે? સંબંધો બગડે કે સુધરે? કાર્ય સુધરે કે બગડે? સામેવાળા accept કરે કે reaction આપે? ઘણી બધી શક્યતાઓ છે.

યાદ રાખવાનું,

બને ત્યાં સુધી ભૂલ એકલામાં જ બતાવવી જોઈએ, પણ જ્યારે એમ લાગે કે સમૂહમાં બતાવવાથી change આવી શકે એમ છે, ત્યારે સમૂહમાં પણ વિવેક રાખીને બતાડવી જોઈએ.

વર્તમાન આ પંચમ આરામાં વ્યક્તિથી ભૂલો થવાની શક્યતા વધારે હોય છે, એ સત્યને સ્વીકારી, અન્યની ભૂલો શોધવાવાળા natureને change કરવા એના ગુણોને, એની good qualitiesને accept કરતા શીખી જવું જોઈએ.

જો આવો nature થઈ જાય તો તમને તમારા પરિવારમાં, સમાજમાં, ધર્મક્ષેત્રમાં, businessમાં, relationsમાં ક્યારેય ક્યાંય problem થાય? ન થાય !

બીજા દૃષ્ટિકોણથી વિચારો...

તમને અન્યની ભૂલો શોધવાનું મન કેમ થાય છે? તમારો nature એવો કેમ છે?

સામેવાળા ભૂલ કરે છે, એ તમને ગમતું નથી કે તમારી અંદરમાં સામેવાળાની ભૂલને સહન કરવાની ક્ષમતા નથી? માટે તમે reaction આપો છો?

કોઈપણ મમ્મી એના નાના બાળકને મારતી હોય ત્યારે તે તોફાન કરે છે, એટલે મારતી હોય છે કે, પોતાની self પર, પોતાના anger પર control નથી એટલે મારતી હોય છે? Self control ન હોય માટે! તોફાન કરતાં બાળકને પ્રેમથી સમજાવી પણ શકાય અને એને થોડો સમય અને attention પણ આપી શકાય. પણ એના natureમાં શું છે? એને શું દેખાય છે? એને બાળક તોફાન કરે છે, એ ભૂલ દેખાય છે.

મા ના આ nature માટે responsible કોણ છે, મા સ્વયં responsible છે.

**બીજાની ભૂલોને જે ચલાવી લે છે, તે બધે ચાલી શકે છે.**

ભગવાન એમના કેવળજ્ઞાનમાં બધું જોતાં હોય કે આ વ્યક્તિની આ ભૂલ છે, આ વ્યક્તિ આ ભૂલ કરીને આવી છે, આ વ્યક્તિ આ ભૂલ કરવાની છે, ભગવાન બધું સ્વીકારી લે કેમ કે, ભગવાને સ્વીકારી લીધું હોય કે, 'આ જ એનો nature છે !'

આજથી એક nature બનાવી લ્યો...

'સારું એટલું મારુ, બાકી બધું એનુ !'

તમને સામેવાળામાં ભૂલ દેખાશે નહીં અને તમારો ભૂલ શોધવાનો nature ધીમે-ધીમે change થવા લાગશે, અને તમને ક્યાંય problem નહીં થાય, તમારુ concentration તમારી self તરફ વધતુ જશે. દરેક fieldમાં બધાંની સાથે તમારા relations healthy થઈ જશે, તમારુ બધા સાથેનું bonding પણ strong થશે, જેના કારણે તમારા દરેક કાર્યમાં progress થશે, તમારા દરેક કાર્ય successful થશે.

અન્યની ભૂલોને જોવી કે ન જોવી, શોધવી કે ન શોધવી, કહેવી કે ન કહેવી, એના માટે - responsible કોણ હોય?

તમારો જવાબ આવશે – **I am responsible** !

**આજથી એક નિર્ણય કરી લ્યો,**
**અન્યની ભૂલ શોધવી એ કદાચ મારો nature છે**
**અને મારા આ nature માટે હું જ responsible છું.**
**પણ આજથી મારે સામેવાળાની ભૂલ જોવી નથી**
**અને કદાચ દેખાય તો એ વ્યક્તિને કહેવી નથી,**
**એટલા અંશે મારે મારા natureને સુધારવો છે.**



# I am Responsible

## મારા Good luck માટે!

\- પરમ ગુરુદેવ

વ્યક્તિના bad luck હોય કે good luck હોય, એ શેના આધારે હોય છે ?

ભાવ શુભ અને શુદ્ધ હોય, ભાવના પરમાર્થની હોય તો એક નાનકડું સત્કાર્ય પણ શ્રેષ્ઠ પુણ્યનો બંધ કરાવી શકે છે, good luckને best બનાવી શકે છે.

તમારામાંથી ઘણા બધાંએ ઘણી બધીવાર કોઈ ગરીબને ભોજન આપ્યું હશે, કોઈ જરૂરિયાતમંદને સહાય કરી હશે, કોઈ ગરીબ બાળકને ice cream ખવડાવ્યો હશે. ત્યારે તમારા ભાવ કેવા હતાં? કોઈ ભાવ હતા કે માત્ર અર્પણ કરી દીધું હતું? તમારા હાથે જ અર્પણ કર્યું હતું કે તમારું heart પણ જોડાયું હતું?

માનો કે, તમે તે બાળકને ice cream આપ્યો, ત્યારે તેના face પર જે smile આવ્યું, એ smileની cost કાઢવાની હોય તો કેટલી હોય? એની cost કાઢી શકાય? એનું કોઈ મૂલ્ય હોય કે એ અમૂલ્ય હોય?

જો એ smile અમૂલ્ય હોય તો એ સુકૃતના પરિણામ સ્વરૂપ તમને જે benefit મળવાનું હોય એ પણ કેવું હોય? એનું મૂલ્ય હોય કે અમૂલ્ય હોય? પણ તમે જ્યારે ભોજન, ice cream કે જરૂરિયાતની વસ્તુ અર્પણ કરો છો, કોઈને help કરો છો ત્યારે શું તમને feel થાય છે કે હું એવું કંઈક શ્રેષ્ઠ કરવા જઈ રહ્યો છું, જેનું મૂલ્ય, અમૂલ્ય છે? ના! માટે જ, best કરીને, શ્રેષ્ઠ કરીને પણ એની cost down કરી દો છો.

એક ગરીબ બાળકને એક ice cream અર્પણ કરીને પણ તમે maximum good luck પ્રાપ્ત કરી શકો છો, જો તમારી અંદર ઉત્કૃષ્ટ અહોભાવ હોય, કંઈક શ્રેષ્ઠ સત્કાર્ય કરી શકવાનું realisation હોય, અર્પણતાના ભાવ હોય અને પરમાર્થની ભાવના હોય !

વિચાર કરો, તમારા good luck અને bad luck માટે responsible કોણ કહેવાય ?

તમારો જવાબ હશે, **'I am responsible !'**

એક ગોવાળનો નાનકડો ગરીબ દીકરો... એકવાર એના મિત્રને એક જૈન મુનિને આહાર વ્હોરાવતા જોવે છે અને એના મનમાં પણ ભાવ જાગે છે, આ મુનિ મારા ઘરે પધારે અને હું પણ એમને કંઈક આપું!

એ ઘરે આવે છે અને 'મા' ને કહે છે, મા... મા ! મને ખીર ખાવી છે, મને ખીર બનાવી દો ને !

એના મનમાં ભાવ હતાં, ખીર મારે તો ખાવી છે, પણ પેલા મુનિ પધારે તો એમને પણ આપવી છે.

એ ફરીવાર 'મા' ને કહે છે, મા ! મને ખીર ખાવી છે, ખીર બનાવી આપો ને!

'મા' ઘરમાં નજર કરે છે, ઘરમાં કાંઈ જ નથી.

'મા' એ હોય, જેમની dictionaryમાં ક્યારેય 'ના' શબ્દ ન હોય !

'મા' જે જે ઘરમાં કામ કરવા જતી હતી ત્યાં જાય છે, એક ઘરેથી દૂધ માંગે છે, એક ઘરેથી ચોખા અને એક ઘરેથી ખાંડ માંગે છે. ઘરે આવીને વ્હાલા દીકરા માટે ખીર બનાવી થાળીમાં ઠંડી થવા મૂકે છે અને કહે છે; બેટા ! આ ઠંડી થઈ જાય, એટલે તું ખાઈ લેજે !

દીકરો ખુશ થઈ જાય છે. એ ખીરની થાળી સામે જુએ છે અને એને મુનિ યાદ આવે છે. એ વિચારે છે, અત્યારે મુનિ આવી જાય તો મારે એમને આ ખીર આપવી છે.

નાનકડો બાળક છે, ખીર ખાવાનું મન થયું છે, ખીર ખૂબ જ ભાવે છે, ખીરની થાળી સામે જ પડી છે, છતાં એને મુનિ યાદ આવે છે.

એ એની ઝૂંપડીની બહાર જોવા જાય છે, દૂરથી મુનિને આવતા જુએ છે અને એકદમ ખુશ-ખુશ થઈ જાય છે.

જલ્દી-જલ્દી મુનિને પોતાના ઘરે લઈ આવે છે અને ખૂબ જ પ્રેમથી થાળીમાં એક line બનાવે છે. અડધી ખીર મુનિની અને અડધી ખીર મારી ! થાળી ઊંચી કરી, ઉત્કૃષ્ટ અહોભાવથી મુનિના પાત્રામાં ખીર વ્હોરાવે છે, અને આખી થાળી ખીર વ્હોરાવી દે છે.

એ સમયે એના મનમાં એટલો ઉલ્લાસ હતો, એટલી ખુશી, એટલો આનંદ હતો કે એને ખબર જ ન પડી કે આખી થાળી ખાલી થઈ ગઈ. એના face પર એક અલગ જ smile હતી, અંતરમાં એક સંતોષ હતો. મુનિને અર્પણ કરવાનો અનહદ આનંદ હતો.

કહેવાય છે કે, એ થાળીમાં રહેલી થોડી ઘણી જે ખીર હોય છે, તે ખાઈ લે છે અને એ જ ઉત્કૃષ્ટ ભાવો સાથે સૂઈ જાય છે.

એ ભવમાંથી આયુષ્ય પૂર્ણ કરીને, next birthમાં એ અઢળક સંપત્તિના સ્વામી, મોટા શ્રેષ્ઠી બની જાય છે, અને નામ હોય છે, શાલીભદ્ર શેઠ !

એક નાનકડી થાળી, એમાં થોડીક ખીર... અને એ ખીર વ્હોરાવી એણે એવા good luck bind કર્યાં, એવા ઉત્કૃષ્ટ પુણ્યનો બંધ કર્યો કે, શાલીભદ્રના ભવમાં એમને ત્યાં દરરોજ દેવલોકમાંથી 99 પેટીઓ ભરીને costly અને valuable વસ્તુઓ આવતી હતી.

એ બાળક જ્યારે ખીર વ્હોરાવતો હશે, ત્યારે એના નાનકડાં હાથમાં નાનકડી થાળી હતી પણ, એના heartમાં ઉલ્લાસ અને ઉત્કૃષ્ટ અહોભાવ હતાં, એના રોમ-રોમ નૃત્ય કરતાં હતાં.

એના આવા શ્રેષ્ઠ good luck માટે, 99 પેટીઓ daily પ્રાપ્ત થાય, એવા સંયોગો માટે responsible કોણ કહેવાય ?

હૃદયના ઉત્કૃષ્ટ અહોભાવ અને અર્પણ કરવાની નિઃસ્વાર્થ ભાવના !

તમે જ્યારે કોઈ ગરીબોને ભોજન અર્પણ કરતા હોય, ગરીબ બાળકોને કેરીનો રસ કે ice cream અર્પણ કરતા હો ત્યારે તમારા ભાવ કેવા હોવા જોઈએ – અહોભાવ અને ઉલ્લાસભાવ હોવા જોઈએ કે, ઠીક છે, આપવાનું છે એટલે આપી દીધું, એવી mentality હોવી જોઈએ ? ક્યારેય એ બાળકના ચહેરાનું smile જોઈને તમારી આંખો નમ થઈ છે ?

સેવા, સત્કાર્ય, પરમાર્થ, અર્પણતા શ્રેષ્ઠ સુકૃત છે પણ ભાવના અભાવને કારણે સામાન્ય પુણ્યનું કારણ બનીને રહી જાય છે.

**યાદ રાખો, તમારું સત્કાર્ય,**
**તમારી સેવા સામાન્ય પુણ્યનું કારણ બને છે,**
**તો એના responsible પણ તમે છો અને**
**એ સત્કાર્ય, એ જ સેવા, એ 99 પેટીઓનું કારણ બને,**
**એના responsible પણ તમે જ છો.**

તમારા luck અને best good luck માટે responsible કોણ ? તમારો જવાબ હશે, **'I am responsible !'**





# I am Responsible

# મારા શાસન માટે !

- પરમ ગુરુદેવ

My Responsibility... એટલે કે તમારુ કર્તવ્ય, તમારી જવાબદારી! જેમ ઘર, પરિવાર, business, job, family માટે તમારી responsibility હોય, તેમ તમને જે જિનશાસન મળ્યું છે, પ્રભુનું શાસન મળ્યું છે, ધર્મ મળ્યો છે, ધર્મના સિદ્ધાંતો મળ્યાં છે, તેના માટે પણ તમારી responsibility હોવી જોઈએ ને !

જે જિનશાસન થકી તમને ધર્મ મળ્યો છે, પ્રભુની પહેચાન થઈ છે, સત્યની સમજ મળી છે, પરિવારમાં ધર્મ ટકી રહ્યો છે, ધર્મની પ્રેરણાઓ મળી રહી છે, સંત-સતીજીઓના દર્શન-શ્રવણનો લાભ મળે છે, એમના બોધ વચનો પામી અનેક પ્રકારના પાપોથી, હિંસાથી બચી શકો છો અને તમારા આત્માની રક્ષા કરી શકો છો, એવા શ્રેષ્ઠ અને ઉપકારી શાસન પ્રત્યે તમારું પણ કંઈક કર્તવ્ય હોવું જોઈએ ને ! !

માનો કે, તમારો જન્મ કોઈ એવા પરિવારમાં થયો હોત જ્યાં માછલીઓ તળાતી હોત અને બકરી કપાતી હોત તો ? ?

જે શાસન થકી તમે આવા હિંસાત્મક પાપ, દોષો, ભૂલોથી બચી શક્યાં છો, તે શાસન પ્રત્યે, તે ધર્મસ્થાનક પ્રત્યે અને તે ધર્મ પ્રત્યે તમારું નૈતિક કર્તવ્ય હોવું જોઈએ ને !!

**દેશમાં બે પ્રકારના વ્યક્તિઓ હોય:**

એક હોય soldiers, જેઓ પોતાના પ્રાણની ચિંતા કર્યા વિના, નિષ્ઠાપૂર્વક રાત-દિવસ દેશની રક્ષા કરવા border પર duty પર હોય, જેમને કહેવાય દેશરક્ષક... દેશની રક્ષા કરવાવાળા અને બીજા હોય civilian જેઓ સમાજમાં રહી, સ્વયંની ચિંતા કરતાં હોય.

**એવી જ રીતે શાસનમાં પણ બે પ્રકારના ભાવિકો હોય;**

એક હોય ધર્મ કરવાવાળા એટલે કે civilian જેવા અને બીજા હોય, ધર્મ માટે કંઈક કરવાવાળા, શાસન માટે કંઈક કરવાવાળા, નિષ્ઠાપૂર્વક ધર્મની રક્ષા કરવાવાળા, soldier જેવા- શાસનરક્ષક !

'કેટલાંકના શ્વાસ ધર્મ કરવા માટે હોય અને કેટલાંકના શ્વાસે-શ્વાસે ધર્મ માટે કંઈક કરવાના ભાવ હોય!'

**Civilian** જેવા તિન્નાણં ભાવિકો આત્મ કર્તવ્ય નિભાવતા હોય છે, જ્યારે **soldiers** જેવા તારયાણં ભાવિકો શાસન પ્રત્યેનું કર્તવ્ય નિભાવતા હોય છે.

એક હોય આરાધકો અને એક હોય પ્રભાવકો !

દેશ સુરક્ષિત કોનાથી હોય ? Civilianથી કે soldiersથી ?

Soldiersથી દેશ સુરક્ષિત હોય છે, એમ શાસનરક્ષકોથી શાસન સુરક્ષિત હોય છે, જયવંતુ રહે છે અને શાસનની રક્ષા થાય તે દરેક શ્રાવકનું નૈતિક કર્તવ્ય હોય છે, જેને નિષ્ઠાપૂર્વક નિભાવવું જોઈએ.

## શાસન રક્ષક બનવા શું કરવું જોઈએ ?

- ધર્મ અને ધર્મ સ્થાનક પ્રત્યે સમર્પણભાવ હોવો જોઈએ.
- માત્ર સંપત્તિનું દાન નહીં, મન, વચન અને કાયાથી યોગદાન અર્પણ કરવું જોઈએ.
- પ્રવચન સભામાં પ્રભુવાણીનું શ્રવણ કરવાં જતાં પહેલાં ધર્મ સ્થાનકમાં થોડી સેવાનું કર્તવ્ય કરવું જોઈએ.
- Buildingમાં Jain, non-jain બધાંને જતનાની સમજ આપવી જોઈએ.
- મિત્રો-સ્વજનોને મળો ત્યારે બે વાત સંસારની કર્યાં પછી ત્રીજી વાત ધર્મની પ્રેરણા, ધર્મના બોધની હોવી જોઈએ.
- ગુરુની આજ્ઞા લઈ, ગુરુ પાસેથી training અને માર્ગદર્શન લઈ, જ્યાં સંત-સતીજીઓ ન પહોંચી શક્તાં હોય તેવા દેશ - પરદેશમાં શાસનની પ્રભાવના કરવા જવું જોઈએ.
- આદિવાસી વિસ્તારોમાં જઈ તેમને માનવ મૂલ્યો અને ધર્મથી સંસ્કારિત કરવા જોઈએ.
- Non-veg ખાતા હોય, હિંસક વસ્તુઓ વાપરતા હોય, તેમને logic સાથે સત્યનું દર્શન કરાવવું જોઈએ.
- નાનપણથી જ બાળકોને જિનેશ્વરોની મહાનતાની સમજ આપવા પાઠશાળા, LNL આદિમાં મોકલવા જોઈએ.
- તમારા ઘરના servant, watchman, maid, milkman, ધોબી આદિને નમસ્કાર મંત્રનું મહત્ત્વ સમજાવી, નમસ્કાર મંત્ર શીખડાવવો જોઈએ.
- તમે જે બોધ કે પ્રેરણા પામ્યા હો, તે તમારા whatsapp groupમાં મોકલવા જોઈએ.
- ધર્મસ્થાનક, ઉપાશ્રય તમને તમારું ઘર લાગવું જોઈએ.
- સ્વયંની સમજ, સૂઝ અને technologyનો ઉપયોગ કરી, જિન શાસનના ધ્વજને વિશ્વફલક પર લહેરાવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

યાદ રાખજો,

ધર્મ કરવાથી તમારી ઉપર ધર્મનું ઋણ ચડતુ હોય છે અને ધર્મ કરાવવાથી ઋણ મુક્ત થવાય છે.

આજે તમારા ઉત્કૃષ્ટ ભદ્રપુણ્યના કારણે તમને પ્રભુનું શાસન મળ્યું છે. એ પ્રભુના શાસનની રક્ષા કરવી એ આપણું નૈતિક કર્તવ્ય છે. આપણા હૃદયમાં હર પળ, હર ક્ષણ 'सव्वे जीव करूं शासनरसि' નો ભાવ પ્રગટતો હોવો જોઈએ અને તે માટેનો યથાયોગ્ય પુરુષાર્થ કરવો જોઈએ. બની શકે તમારા પુરુષાર્થથી કોઈનો ભવ સુધરી જાય!

બળતાં નાગ-નાગણીને અંત સમયે નમસ્કાર મંત્રનું શ્રવણ કરવાની તક અને તેઓ ધરણેન્દ્ર અને પદ્માવતી બની ગયાં!

ધર્મક્ષેત્ર એ ધર્મના રક્ષકોનું ક્ષેત્ર છે અને ધર્મરક્ષક બનવું એ તમારી responsibility છે.

યાદ રાખજો, તમે જે પામો છો તે સર્વને પમાડો. ધર્મ કરવાથી ભવિષ્યમાં ધર્મ નહીં મળે, ધર્મ પમાડવાથી ધર્મ મળશે. બધાંના હૃદયમાં શાસન પ્રત્યે પ્રેમ જાગે, એવો પુરુષાર્થ એ જ શાસન પ્રત્યેની responsibility હોય છે.

યાદ રાખજો, જે ધર્મના પ્રેરક હોય, તે ધર્મના રક્ષક હોય.

ધર્મના આરાધકોથી ધર્મ ચાલે, પણ ધર્મના પ્રભાવકોથી ધર્મ દોડે!

શાસનના civiliansથી શાસન ચાલે પણ શાસનના soldiersથી શાસન સદાય જયવંતુ રહે!

**આજથી નિર્ણય કરો,**
**આજ સુધી શાસનના civilian હતા,**
**હવે મારે શાસનના soldier બની**
**મારી શાસન પ્રત્યેની responsibilityને**
**નિષ્ઠાપૂર્વક, વફાદારી સાથે નિભાવવી છે.**
**મારા જિનશાસનને જયવંતુ રાખવા મારે**
**મારું યોગદાન અર્પણ કરવું છે.**



# My Responsibility

# મારા રાષ્ટ્ર માટે !

- પરમ ગુરુદેવ

સમય જ્યારે પસાર થાય છે, ત્યારે તે બે પ્રકારની સ્થિતિઓનું નિર્માણ કરે છે; એક ઈતિહાસ બનાવે અને એક ભૂતકાળ બનાવે.

> જે સ્વયંના સ્વાર્થ માટે જીવતા હોય,
> એનો ભૂતકાળ બની જતો હોય છે અને
> જે પોતાના કર્તવ્યને નિભાવતા હોય છે,
> એમનો ઈતિહાસ બનતો હોય છે.

જે માત્ર સ્વયંની ચિંતા કરવાવાળા હોય, તેઓ એક પણ કર્તવ્ય નિભાવી શક્તા નથી અને જેના હૃદયમાં સર્વના હિતની ચિંતા હોય એ એક પણ કર્તવ્ય ક્યારેય ચૂકતા નથી, પછી એ કર્તવ્ય parents માટેનું હોય, society માટેનું હોય, religion માટેનું હોય, family માટેનું હોય કે દેશ માટેનું હોય !

આ દેશમાં ઈતિહાસ સર્જનારા જેટલાં પણ પાત્રો છે, એમના જીવનકવન વાંચશો તો સમજાશે કે એમણે પોતાના કર્તવ્યમાં ક્યારેય કોઈ કચાશ રાખી નથી. એમના એક-એક શ્વાસમાં દેશપ્રેમ અને દેશભક્તિ હતી, એમની એક-એક ક્ષણ દેશની રક્ષા માટે હતી. તેમને ન પોતાના દેહની પરવા હતી, ન પરિવારની ! એમના માટે આખો ભારત દેશ એમનો પરિવાર હતો અને એ પરિવારની રક્ષા કરવી, એ પરિવારને પ્રેમ કરવો, એ જ એમની first priority હતી. એ જ એમની responsibility હતી. એ માટે તેઓ સમયનો, શ્રમનો, શરીરનો ભોગ આપી, યોગદાન આપી રાષ્ટ્રધર્મને નિષ્ઠાપૂર્વક નિભાવતા હતા.

આજે border પર રાત-દિવસ સાવધાન અને જાગૃત રહી વીર, શૂરવીર સેનાનીઓ રાષ્ટ્રરક્ષક બની રાષ્ટ્રધર્મને નિભાવી રહ્યાં છે અને એમના કારણે જ આપણે શાંતિથી સૂઈ શકીએ છીએ, સુખચેનથી જીવી શકીએ છીએ.

આપણી પણ આપણા રાષ્ટ્ર પ્રત્યે, આપણા દેશ પ્રત્યે નાની-મોટી ઘણી responsibilities હોય છે.

એકવાર eyes close કરી, ચિંતન કરો અને selfને પૂછો, તમે તમારા રાષ્ટ્ર પ્રત્યેનું કર્તવ્ય નિભાવો છો કે નહીં ?

તમને ખબર નથી જાણતા-અજાણતા તમે ક્યાં-ક્યાં તમારી રાષ્ટ્ર પ્રત્યેની responsibilitiesને ચૂકી જાવ છો, અને ક્યાં-ક્યાં તમે તમારો રાષ્ટ્રધર્મ ભૂલી જાવ છો !

'તમારો આત્મધર્મ, તમારો જ્ઞાતિધર્મ શ્રેષ્ઠ છે. પણ એ શ્રેષ્ઠ ત્યારે જ છે, જ્યારે તમારી સાથે તમારો રાષ્ટ્રધર્મ છે.'

જેટલો તમને તમારો ધર્મ પ્રિય હોય, એટલો જ તમને રાષ્ટ્રધર્મ પણ પ્રિય હોવો જોઈએ.

આપણો દેશ... આપણી માતૃભૂમિ 'મા' સમાન છે. જેટલાં 'મા' ને

વફાદાર એટલાં માતૃભૂમિને વફાદાર રહેવું, એ એક નાગરિક તરીકેનું કર્તવ્ય હોય છે. એની care કરવી, એની રક્ષા કરવી, એને support કરવો, એને clean અને healthy રાખવી એ દરેક નાગરિકની responsibilities હોય છે અને એને નિષ્ઠાપૂર્વક નિભાવી એ દરેક નાગરિકનો 'રાષ્ટ્રધર્મ' હોય છે.

આજે તમને થોડીક નાની-નાની વાતો જણાવું છું, જેના દ્વારા તમે તમારી રાષ્ટ્ર પ્રત્યેની responsibilities પ્રત્યે alert રહી શકો અને રાષ્ટ્રધર્મની પાલના કરી શકો.

- ક્યારેય examમાં ચોરી કરીને pass ન થવું. કેમ કે, માનો કે તમે ચોરી કરીને Engineer તો બની ગયા, તમને job પણ મળી ગઈ અને તમે એક bridge બનાવો છો પણ તમારી પાસે પૂરતું knowledge ન હોવાના કારણે bridgeમાં defect રહી જાય છે અને થોડા જ દિવસોમાં bridge તૂટી જાય છે. સેંકડો વ્યક્તિઓ પડી જાય છે અને મૃત્યુ પામે છે. Responsible કોણ ? તમે ! તમારા કારણે દેશના કેટલાં યુવાન, બાળકો અને વૃદ્ધોને અકાળે મૃત્યુને શરણ થવું પડે !
- બને ત્યાં સુધી imported products purchase કરી, આત્મનિર્ભર ભારત અભિયાનમાં અવરોધક ન બનવું. આપણા જ દેશના આપણા બંધુઓ products purchase કરી, આપણી economyને strong કરવામાં supporter બનવું, એ પણ એક પ્રકારનો રાષ્ટ્રધર્મ છે.
- ઉચ્ચ અભ્યાસ અર્થે ભલે પરદેશ જવું પણ પછી પાછા આવી સ્વયંની skill, talent સમય અને શ્રમને પોતાના દેશની પ્રગતિ માટે વાપરવા જોઈએ.
- Road પર કચરો ન નાંખવો અને માતૃભૂમિ પર ક્યારેય થૂંકવું નહીં. સ્વચ્છ ભારત અભિયાનમાં સહયોગી બનવું.
- રાષ્ટ્રરક્ષક એવા વીર સૈનિકોની નિ:સ્વાર્થ સેવાનું હંમેશાં સન્માન કરવું.

આવી નાની-નાની વાતોને ધ્યાનમાં રાખીએ અને સ્વયંની નીતિમત્તાને વધારીએ તો ચોક્કસ રાષ્ટ્ર પ્રત્યેની responsibilitiesને નિભાવ્યાનો સંતોષ અનુભવી શકીએ.

જો દેશના નાગરિકો પણ પોતાના રાષ્ટ્ર પ્રત્યેના કર્તવ્યને સમજે અને નિભાવે તો દેશનો વિકાસ, દેશની પ્રગતિ અવશ્ય નિશ્ચિત થઈ જાય ! દેશ strong બની જાય !

રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી, રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્ર પ્રત્યેની responsibilitiesથી બાળકોને નાનપણથી જ સંસ્કારિત કરવા જોઈએ. એમના રોમ-રોમમાં દેશપ્રેમ વ્યાપ્ત કરવો જોઈએ. ઘરમાં અને schoolમાં એ પ્રકારની સમજ આપવી જોઈએ. એમને નાનપણથી જ આર્યભૂમિનું મહત્વ સમજાવવું જોઈએ અને આર્યભૂમિમાં જન્મ મળવો એ કેવું પરમ સૌભાગ્ય છે, એ realise કરાવવું જોઈએ.

આજે રાષ્ટ્ર પ્રત્યેની responsibilitiesના તમને થોડા points મળ્યાં. તમે સમજ્યાં અને તમે સંકલ્પ પણ કર્યો કે, હું મારી રાષ્ટ્ર પ્રત્યેની responsibilitiesને વફાદારીપૂર્વક નિભાવવાનો પ્રયત્ન કરીશ, આ શ્રેષ્ઠ છે પણ હવે તમારી responsibility બને છે કે તમે આ વાત બીજા 10 વ્યક્તિને કહો, એ 10 બીજા 10-10 વ્યક્તિઓને કહે તો અલ્પ સમયમાં જ કરોડો વ્યક્તિ સુધી આ કર્તવ્યની સમજ પહોંચી જાય. કરોડોના હૃદયમાં રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્ર પ્રત્યેની responsibilities જાગૃત થઈ જાય તો Indiaને 'Responsible Nation' બનતા વાર ન લાગે ને !!



# ...મારું કર્તવ્ય...

'કર્તવ્ય જ્યારે નિત્ય કૃત્ય બને છે, ત્યારે કર્તવ્યનિષ્ઠા સહજ અને દૃઢ બને છે'



## મારું આત્મ કર્તવ્ય



**હું દેહથી ભિન્ન આત્મા છું આત્મા શાશ્વત છે અને આત્માની care અને શુદ્ધિ કરવી એ મારું પ્રથમ આત્મકર્તવ્ય છે.**

- હું દરરોજ minimum 30 minutes 'Me Time' રાખીશ Meditation દ્વારા 'મને' મળીશ અને મારી આત્મશુદ્ધિનું analysis કરીશ.
- મને આત્માની ઓળખ કરાવનાર અને મારી આત્મચેતનાને જાગૃત કરાવનાર દેવ, ગુરુ, ધર્મને ઉપકારભાવે 3-3 વંદના કરીશ.

## મારું પરિવાર કર્તવ્ય



**મારા પરિવારને 'પ્રભુ પરિવાર' બનાવવા અને પરિવારમાં સહુને સ્નેહના તાંતણે જોડી રાખવા, એ મારું નૈતિક પરિવાર કર્તવ્ય છે.**

- નિત્ય રાત્રે 'ઘર સભા'નું આયોજન કરી, મંત્રોચ્ચાર અને માંગલિક સાથે સહુના મંતવ્યો આદાન - પ્રદાન કરી "sorry" દ્વારા ક્ષમાપના કરીશું.
- પરિવારમાં પ્રેમ અને ગુણોની વૃદ્ધિ કરવા, ઘરમાં "family appreciation board"માં, નિત્ય દરેક સભ્યની એક good qualityની શોધ કરી, એમને appreciate કરીશ.

## મારું સામાજિક કર્તવ્ય



**જે સમાજ, જે Society, જે building પાસેથી મને ઘણું બધું મળ્યુ છે, એમને કંઈક આપવું એ મારું સામાજિક કર્તવ્ય છે.**

- Societyની સ્વચ્છતામાં મારા સમયનું યોગદાન આપીશ.
- સમાજના સેવકોની સેવાનું સન્માન કરીશ.જરૂર હશે ત્યાં સહાય કરીશ.


## મારું શાસન કર્તવ્ય



**મને અનંતા પાપથી બચાવનાર અને મારા અનંતા કર્મોની નિર્જરા કરાવનાર શાસનની સેવા કરવી એ મારું શાસન કર્તવ્ય છે.**

- જે હું પામ્યો છું તે સર્વને પમાડવા, મારી સંપત્તિ, સમય, શક્તિ અને સમજનો સદુપયોગ કરીશ.
- ધર્મ ક્ષેત્રમાં હું મહેમાન બનીને નહીં પણ ધર્મક્ષેત્ર મારું 'ઘર' છે, એ આત્મિયભાવે સેવા અર્પણ કરીશ.

## મારું રાષ્ટ્ર કર્તવ્ય



**જે આર્યભૂમિમાં મારો જન્મ થયો છે, એ રાષ્ટ્રની ઉન્નતિ અને એ માતૃભૂમિનો ઋણ સ્વીકાર એ મારું રાષ્ટ્ર કર્તવ્ય છે.**

- હું હંમેશા મારા દેશમાં બનેલી ‘Made in India products’ની જ ખરીદી કરીશ અને એ જ વાપરીશ.
- નાના નાના shopkeepers અને vendors સાથે ક્યારે bargain નહીં કરું.
- ઉચ્ચ અભ્યાસ અર્થે કદાચ વિદેશ જઈશ,તો પણ હું settle તો Indiaમાં જ થઈશ.

**જે environment મારા તનને સ્વસ્થ અને મનને પ્રસન્ન રાખે છે, તેની રક્ષા કરવી એ મારું પર્યાવરણ કર્તવ્ય છે.**

- હું રસ્તામાં જ્યાં ત્યાં કચરો નાંખીશ નહીં અને થૂકીશ નહીં.
- હું બને ત્યાં સુધી plastic bagsના બદલે cloth bagનો ઉપયોગ કરીશ.

## મારું પર્યાવરણ કર્તવ્ય



## મારું શિષ્ય કર્તવ્ય



**જો મારી Lifeમાં ગુરુ છે, તો મને મોક્ષયાત્રા કરાવનાર અસીમ ઉપકારી "ગુરુ" પ્રત્યે મારા અનેક કર્તવ્યો છે.**

- હું ગુરુની સાધનામાં disturb નહીં કરું અને એમની સાધનાના સમયને બચાવીશ.
- હું ‘સાહિલ્યા’ બની ગુરુના ભારને હળવો કરવાનો પુરુષાર્થ કરીશ.
- હું શક્ય એટલી વધુ વ્યક્તિઓને ગુરુ સાંનિધ્યનો યોગ કરાવીશ.
- હું ગુરુની સેવા સાથે એમના સત્કાર્યોમાં યોગદાન અર્પણ કરીશ.

**જ્યારે આપણે દરેક કર્તવ્ય જાગૃત્તિ સાથે નિભાવી અને આત્મા સાથે જોડાયેલા રહીએ, ત્યારે જીવન સરળ, સુમેળભર્યું અને આનંદમય બની રહે છે.**

**દેવાનુપ્રિયો! આપ આ સાત કર્તવ્યની પાલના માટે પુરુષાર્થ કરતા હશો અને આ સિવાય પણ અનેક વિશેષ કર્તવ્યની પાલના કરતાં હશો.**

**આ month માં આપ આમાંથી જે કર્તવ્યોની પાલના કરો તે કર્તવ્યની વિગત આપના નામ, address અને આપના photo સાથે +91 7303000555 આ નંબર ઉપર જરૂર મોકલશો. અમે તેને આવતા અંકમાં પ્રકાશિત કરશું જેથી આપની કર્તવ્યપાલનાથી અન્યને પણ કર્તવ્યનિષ્ઠ બનવાની પ્રેરણા મળશે..!**



Responsibility? That just means boring work...

Is it really boring or have you just never noticed it?"




## Look around you...



**A tired mom...** still working.



**A thirsty dog...** quietly waiting.



**A tap...** wasting water.

## SMALL THINGS. EASY TO IGNORE.

**When you choose to act...**

You don't just help -
You become stronger.

But here's the real question...? **Will you walk fast or will you stop?**

### *Param Gurudev Says*

**RESPONSIBILITY** doesn't make you tired, it makes you **POWERFUL.**

# Choose Your Superpower

## Every day... you get to choose what kind of hero you want to be.

So tell me... which hero are you today?




### Kindness Hero

Every living being feels... just like you do.

**A THIRSTY BIRD...**
Leave Out Clean Water for birds and animals.



**A TIRED HELPER...**
Help someone who is working hard.



**A SCARED ANIMAL...**
Be gentle. Protect and never hurt animals.



"You don't need power to help them. You just need a kind heart"

### Home Hero

The strongest heroes start at home.

**Help without being asked.**



**Speak with respect.**



**Care for your family.**



"That's where real strength begins."

### Country Hero

Serve you country through action.

**Throw trash in the dustbin.**



**Don't waste food.**



**Do the right thing... even when no one is watching.**



"You respect your country... When you respect your surroundings."

**Little Choice. Big Impact. Be the hero, every day!**

# Day 1 Challenge

- Not for marks.
- Not for anyone else.
- Just for you.




## Today I can be my best self!

- [ ] I helped at home today
- [ ] I saved water
- [ ] I spoke kindly
- [ ] I helped someone without being asked
- [ ] I did not hurt any living being

**Don't rush**
**Think about your day**
**Honestly.**

**Today, I felt:** ______________________

**Reflection:**

"How did it feel? 
- Happy
- Peaceful
- Different"

**If it felt good... you've already started changing.**


"Two friends were playing together"
"One of them dropped a wrapper on the ground and ran ahead."
"The other one saw it..."
Sometimes... responsibility is not about big actions.
"He stopped."
"He looked around..."
"No one was there."
"He picked it up."
"He looked for a dustbin..."
"And quietly threw it inside."
"No one would know... if he just walked away."
CAPTAIN KARTAVYA
"Then he ran back to play like nothing happened."
"That moment... no one clapped."
"No one praised him."
"But something changed."
"Not outside..."
"Inside him."
"Responsibility is who you are... when no one is watching."

TATTVA CORNER

# કર્મ કેટલા પ્રકારથી બંધાય છે?

## કર્મ ચાર પ્રકારથી બંધાય છે



### પ્રકૃતિ બંધ

**પ્રકૃતિ બંધ કોને કહેવાય ?**

આત્માના સ્વાભાવિક ગુણો જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, વગેરેને આવરણ કરવાની પ્રક્રિયાને પ્રકૃતિ બંધ કહેવામાં આવે છે. કર્મની પ્રકૃતિ (સ્વભાવ), કેવા પ્રકારે જીવને ઉદયમાં આવશે (જ્ઞાનાવરણીય રૂપમાં કે મોહનીય ) તે નક્કી થવું તેને પ્રકૃતિ બંધ કહેવાય છે.

### સ્થિતિ બંધ

**સ્થિતિ બંધ કોને કહેવાય ?**

કર્મ આત્મા સાથે કેટલા સમય સુધી જોડાયેલા રહેશે તેનું નિર્ધારણ થવું એટલે સ્થિતિ બંધ!

### અનુભાગ બંધ


**અનુભાગ બંધ કોને કહેવાય ?**

કર્મમાં સારા કે ખરાબ ફળ આપવાની શક્તિની મંદતા કે તીવ્રતા નક્કી થવી તેને અનુભાગ બંધ કહેવામાં આવે છે.

### પ્રદેશ બંધ

**પ્રદેશ બંધ કોને કહેવાય ?**

કાર્મણ વર્ગણાઓને આત્મા દ્વારા ગ્રહણ કરવાનું પ્રમાણ તેને પ્રદેશ બંધ કહેવામાં આવે છે.





મન, વચન, કાયા - ૩ યોગની તીવ્રતા કે મંદતાના આધારે પ્રકૃતિ અને પ્રદેશ બંધની અલ્પતા કે અધિકતા નક્કી થાય છે.



ક્રોધ, માન, માયા, લોભ - કષાયની તીવ્રતા કે મંદતાના આધારે અનુભાગબંધ અને સ્થિતિ બંધની અલ્પતા કે અધિકતા નક્કી થાય છે.

# લાડુના ઉદાહરણથી પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ બંધની સમજ.




## પ્રકૃતિ બંધ (quality) :

જેમ દરેક લાડુનો અલગ સ્વભાવ હોય છે. સોંઠથી બનેલો લાડુ વાયુનો પ્રકોપ શાંત કરે છે. જીરાથી બનેલો લાડુ પિત્તનો નાશ કરે છે. તેમ બંધાતા કર્મનો પણ અલગ-અલગ સ્વભાવ હોય છે.

- જે કર્મ આત્માના જ્ઞાન ગુણને આવૃત કરે તે જ્ઞાનાવરણીય કર્મ.
- જે કર્મ દર્શન ગુણને રોકે તે દર્શનાવરણીય કર્મ.
- જે કર્મ આત્માને ઇન્દ્રિય સંબંધિત સુખ-દુઃખનો અનુભવ કરાવે તે વેદનીય કર્મ.
- જે કર્મ આત્માને મોહમાં ફસાવે અને સાચા- ખોટાનો વિવેક ભૂલાવે તે મોહનીય કર્મ.
- જે કર્મ જીવને 4 માંથી કોઈ પણ 1 ગતિમાં જીવન વ્યતિત કરાવે તે આયુષ્ય કર્મ.
- જે કર્મ જીવને વિવિધ પ્રકારના શરીર, આકાર આદિ અપાવે છે તે નામ કર્મ.
- જે કર્મ જીવને ઊંચ કે નીચ સંયોગની પ્રાપ્તિ કરાવે તે ગોત્ર કર્મ.
- જે કર્મ આત્માની દાન વગેરે શક્તિઓમાં અવરોધ કરે તે અંતરાય કર્મ.

## સ્થિતિ બંધ (time span):

જેમ કોઈ પણ લાડુની નિયત સમય મર્યાદા હોય છે. ચૂરમાનો લાડુ 1-2 દિવસ સુધી સારો રહે છે, મેથી કે ગુંદનો લાડુ અઢી મહિના સુધી ખરાબ થતો નથી. તેવી રીતે કર્મ પણ આત્મા સાથે નિયત સમય સુધી જોડાયેલા રહે છે.

કર્મની સ્થિતિ (સમય મર્યાદા):

Minimum : અંતર્મુહૂર્ત, Maximum : 70 કોડાકોડી સાગરોપમ.

## અનુભાગ બંધ (intensity):

જેમ કેટલાક લાડુમાં મીઠાશ વધુ હોય છે અને કેટલાકમાં ઓછી હોય છે. તેમ કર્મ બંધ સમયે ક્યારેક અતિ મંદ, મંદ, મંદતર, તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ, અતિ તીવ્ર આવા અનેક પ્રકારના ભાવો આત્મામાં થતાં હોય છે.

જે કર્મ તીવ્ર ભાવથી બાંધવામાં આવે છે, તેમાં અનુભાગ બંધ તીવ્ર થાય છે અને જે કર્મ મંદ ભાવથી બાંધવામાં આવે છે, તેમાં અનુભાગ બંધ પણ મંદ થાય છે. ભાવની મંદતા- તીવ્રતાથી કર્મની ફળ આપવાની શક્તિ વધે કે ઘટે છે. કર્મ પુદ્ગલમાં ફળ આપવાની આ તારતમ્યતાને રસબંધ કહેવામાં આવે છે.

## પ્રદેશ બંધ (કર્મ દલિકોની quantity):

જેમ કેટલાક લાડુ 100 ગ્રામના હોય છે, કેટલાક લાડુ 500 ગ્રામના હોય. એવી રીતે આત્મા સાથે બંધાતા કર્મોના પ્રદેશ (કર્મ પુદગલો ) પણ ક્યારેક ઓછા હોય, ક્યારેક વધારે.

કર્મ પુદ્ગલોની અલ્પતા અને અધિકતા (quantity) રૂપ બંધને પ્રદેશ બંધ કહેવામાં આવે છે.

### રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે શ્રી હિંગવાલા સંઘમાં ઉજવાયો પૂજ્ય શ્રી સુબોધિકાબાઈ મહાસતીજી સહિત

# 54 વર્ષીતપ આરાધકોનો પારણા મહોત્સવ

**16th-19th APRIL, 2026**

**શ્રી સંઘમાં "તપસમ્રાટ જ્ઞાન ભંડાર" વિશાળ લાઈબ્રેરીનું નૂતનીકરણ**

શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, હિંગવાલા લેન, ઘાટકોપરના આંગણે પૂજ્ય શ્રી સુબોધિકાબાઈ મહાસતીજી અને મુંબઈ, ઓસ્ટ્રેલિયા, અમેરિકા, દુબઈ આદિ ક્ષેત્રોના મળીને એકસાથે 54 વર્ષીતપ આરાધકોના પારણા મહોત્સવમાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે, ડો. પૂ. શ્રી જશુબાઈ મ., વિરલપ્રજ્ઞા પૂ. શ્રી વીરમતીબાઈ મ. આદિ ઠાણા, પૂ. શ્રી ઊર્મિબાઈ મ. આદી, ડો. પૂ. શ્રી ડોલરબાઈ મ., પૂ. શ્રી ધર્મિલાબાઈ મ., પૂ. શ્રી પદ્માબાઇ મ., પૂ. શ્રી પૂર્વીબાઈ મ. આદિ ઠાણા, પૂ. શ્રી પરમ સૌમ્યાજી મ. આદિ, કચ્છ આઠ કોટી મોટી પક્ષના પૂ. શ્રી નયનાબાઈ મ., પૂ. શ્રી સુરભીબાઈ મ. આદિ સતીવૃંદની પાવન ઉપસ્થિતિ સાથે સમસ્ત ઘાટકોપરના શ્રી સંઘો તેમજ પ્રત્યક્ષ અને લાઈવના માધ્યમે હજારો ભાવિકો તપસ્વીઓની અનુમોદના કરવા જોડાયા હતાં.

ઉલ્લેખનિય છે કે જૈન દર્શનમાં જે તપની પરંપરા કરોડો વર્ષોથી અવિરતપણે ચાલી રહી છે એવા એક દિવસના ઉપવાસ અને એક દિવસના પારણાની નિરંતર એક વર્ષની દીર્ઘ અને કઠિન તપશ્ચર્યા કરનારા ભાવિકોની આરાધનાની પરિપૂર્ણતાના અવસરે પરમ ગુરુદેવે ફરમાવ્યુ હતું કે, અંતરના ઊંડાણથી પરમાત્માના નામની એવી ધૂન જગાવી દઈએ કે પ્રભુનું નામ લેતા આપણી જીભ કદી સૂકાય નહીં. પ્રભુ જેવી આરાધના કરતાં કરતાં માત્ર આહારના ત્યાગ સ્વરૂપ જ નહીં પરંતુ ઈચ્છાઓ, અનુકૂળતાઓ અને અપેક્ષાઓના ત્યાગ સ્વરૂપ વર્ષીતપ કરીને ધન્ય બની જઈએ!



શ્રી હિંગવાલા સંઘમાં અનેક જ્ઞાનવર્ધક પુસ્તકોથી સમૃદ્ધ એવી વિશાળ લાઈબ્રેરી - **"તપસમ્રાટ જ્ઞાન ભંડાર"**નું નૂતનીકરણનું ઉદ્‌ઘાટન થતાં હર્ષનાદ છવાયો હતો. લાઈબ્રેરી અને ઉપાશ્રયની સંરક્ષણ દીવાલનું નવીનીકરણનો લાભ શ્રીમતી હીનાબેન બિપીનભાઈ મહેતા હ. શ્રી સાહિલભાઈ મહેતા (વર્ધમાન બિલ્ડર્સ, ઘાટકોપર)લઈ ધન્ય બન્યા હતા. એકસાથે 54 વર્ષીતપ આરાધકોને પારણા કરાવવાનો સમગ્ર લાભ માતુશ્રી વનિતાબેન ગાંડાલાલ શેઠ પરિવાર દ્વારા લેવામાં આવ્યો હતો.

ઉપસ્થિત સહુના હૃદયના અહોભાવ અને અનુમોદનાના નાદ સાથે તપસ્વી મહાસતીજી તેમજ તપસ્વી ભાવિકોના પારણા કરાવવામાં આવતા જયકાર ગૂંજી ઉઠ્યો હતો. અનેરા આનંદ-ઉત્સાહ સાથે ઉજવાયેલા મહોત્સવમાં દરરોજ બપોરના સમયે આયોજિત તપસ્વી સાંજી સ્તવનામાં લીન બનીને સહુએ અનુમોદના કરી હતી. પરમ ગુરુદેવની પ્રેરણા ઝીલીને પૂજનીય સંત-સતીજીઓની વૈયાવચ્ચ અર્થે અનેક ઉદારહૃદયા ભાવિકોએ બહોળું અનુદાન અર્પણ કર્યું હતુ. શ્રી સંઘના પ્રમુખ શ્રી દર્શકભાઈ રૂપાણીએ સમગ્ર મહોત્સવ માટે ઉપકારભાવની અભિવ્યક્તિ કરેલ.



# ભગવાન મહાવીર જન્મ કલ્યાણક અવસરે

## રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે
## હજારો હૃદયમાં ગુંજી ઉઠ્યો સવા કરોડ વાર

# મહાવીર મહાનાદ !



125 બાળકોનો અંતર નાદ.. જય જય જય જય મહાવીર.. જય જય પ્રભુ મહાવીર..







મુંબઈના 108 ડબ્બાવાળાને 'E-BIKE' અર્પણ



## રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની નવ્ય અને અનોખી પ્રેરણા

|| ઉવસગ્ગહરં પાસં પાસં વંદામિ ||

**5,65,65,656**

**મંત્ર જાપ**

# KIDS MANTROTSAV











દેશ-વિદેશના 100+ centresના

Look n Learn Jain Gyandhamના

બાળકો બન્યાં **Mini Mantra Saadhak!**



અહો.. અહો.. માત્ર 2.5 monthsમાં

**4,44,44,444 +**

(4 કરોડ થી વધુ) મંત્ર જાપ!









બાળ શિષ્યો અંતરના ઉલ્લાસ ભાવ સાથે પરિવાર અને સ્નેહી સ્વજન સાથે વિવિધ schools અને collegeના students મંત્ર સાધનામાં જોડાઈને પ્રભુ ભક્તિ અને positivity પ્રસાવી રહ્યા છે

LOOK n LEARN JAIN GYAN DHAM





આપ પણ આપના આવાસમાં KIDS Mantrotsav Celebrate કરવા ઈચ્છતા હો તો

સંપર્ક : +91 86574 84478

Printed & Published by : Deepak K. Bhayani on behalf of Jain Kranti, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.
Printed at : Arihant Printing Press, B/4, 310, Trikal Bldg., Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075, Maharashtra.
Edited by : Deepak K. Bhayani, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.